Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૫ (ચાલુ) વીર સં. ૨૪૯૮
વિ. સં. ૨૦૨૮ પોષ

જેઓ આત્માની કાળજી રાખ્યા વગર ઇંદ્રિયોને ગમે તેમ વર્તે છે તે આત્મદ્રોહી કહેવાય છે. આત્માને અશાંતિ ઉત્પન્ન કરનાર અનુચિત ઇચ્છાઓ છે; માટે કોઇપણ પૌદ્ગલિક વસ્તુઓ વાપરવાની ઇચ્છા થાય ત્યારે તે વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ વિચારવું આત્માને શું લાભ મળે છે? શાંતિ ઉત્પન્ન કરે છે કે અશાંતિ? આત્મા અપરાધી બને છે કે નિરપરાધી? ઇત્યાદિ વિચાર કરવાથી ઇચ્છાઓ નબળી પડી જશે અને આત્મા અપરાધી થતો અટકશે.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

પુસ્તક ૬૯ ] જાન્યુઆરી : ૧૯૭૨ [ અંક ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | | લેખક | પૃષ્ટ |
|---|---|---|---|---|
| ૧ | સ્વર્માં જાગો | .... | પં. મુનિશ્રી ભુવનવિજયજી મ. | ૩૭ |
| ૨ | દુઃખી જગત | ... | સ્વ આચાર્ય શ્રી વિજય કસ્તૂરસૂરિજી મહારાજ | ૩૯ |
| ૩ | ભગવાન નેમિનાથ | ... | મનસુખલાલ તા મહેતા | ૪૩ |
| ૪ | જૈન યોગવિદ્યા –એક આછી રૂપરેખા | .... | પ્રોફેસર જયંતીલાલ ભાઈશંકર દવે એમ. એ. | ૪૭ |
| ૫ | નિસ્વાર્થ સેવા એજ પરમ સ્વાર્થ | | સ્વ | ૫૧ |


## સાભાર ગ્રંથસ્વીકાર

(૧) શારદા–પરિમલ પ્રવચનકાર પૂ. બા. બ્ર. વિદુષી શ્રી શારદાબાઇ મહાસતીજી. પ્રકાશક–સંઘવી જીવણલાલ પદમશી, ૨૫ સંઘવી સદન, ભારત સોસાઇટી, સુરેન્દ્રનગર. કિંમત રૂા. ચાર.

શાહ વલ્લભદાસ ફુલચંદભાઇ તરફથી આ સભાને ભેટ.

## સ્વર્ગવાસ નોંધ

ભાવનગર નિવાસી શાહ જીવણલાલ ગોરધનદાસ પોષ વદિ ૩ સોમવાર તા. ૩–૧–૭૨ ના રોજ સ્વર્ગવાસી થયા છે તેની નોંધ લેતાં અમો ઘણીજ દિલગીરી અનુભવાએ છીએ તેઓ ખૂબ ધર્મપ્રેમી અને સ્વભાવે મિલનસાર હતા આ સભા પ્રત્યે ખૂબ લાગણી ધરાવતા હતા તેઓ આ સભાના આજીવન સભ્ય હતા તેમનો આત્મા શાશ્વત શાંતિ પામો એજ અભ્યર્થના.

ભાવનગર નિવાસી શાહ હરગોવિંદ દુલભજી પોષ વદિ ૪ મંગળવાર તા. ૪–૧–૭૨ના રોજ સ્વર્ગવાસી થયા છે તેની નોંધ લેતાં અમો ઘણાજ દીલગીર થયા છીએ તેઓ ખૂબ ધર્મપ્રેમી અને મળતાવડા સ્વભાવના હતા આ સભા પ્રત્યે ખૂબ લાગણી ધરાવતા હતા તેઓ આ સભાના આજીવન સભ્ય હતા તેમના આત્માને શાંત મળે એજ પ્રાર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ખાસ વિનંતિ

પરમ પૂજ્ય આગમપ્રભાકર શ્રુતશીલવારિધિ મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ સ્વર્ગવાસી થતાં તેમની પુણ્ય સ્મૃતિમાં તેમની પ્રથમ સંવત્સરીએ એક સ્મૃતિગ્રંથ પ્રસિદ્ધ કરવાનો આ સભાએ ઠરાવ કર્યો છે. તો તેમના પરિચયમાં આવેલા મુનિરાજો અને લેખકોને તેમનાં સંસ્મરણો અથવા લેખો જેમ બને તેમ જલદીથી લખી મોકલવા અમારી આગ્રહભરી વિનંતિ છે. જેઓ પાસે તેમનાં પત્રો, ફોટાઓ વગેરે પ્રસિદ્ધ કરવા યોગ્ય સામગ્રી હોય તે પણ અમને તાત્કાલિક મોકલી આપવા અમારી ખાસ વિનંતિ છે. આ સામગ્રી કામ પૂરું થયે સહીસલામત રીતે મોકલનારને પાછી પહોંચાડી દેવાની આ સભા ખાત્રી આપે છે.

પ્રમુખ :—શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવા માનવંતા પેટ્રન

# શ્રી ફુલચંદ લીલાધર વોરા

( ટૂંક જીવન પરિચય )



જેમના જીવનમાં સાદાઇ, સૌમ્યતા અને લક્ષ્મીનો ત્રિવેણી સંગમ થયો છે એવા શ્રી. ફુલચંદ લીલાધર વોરાનો જન્મ છત્રાસા (સોરઠ)માં તા. ૧૮–૧૦–૧૮૯૪ના દિવસે સદ્દગત વોરા લીલાધર અંદરજીને ત્યાં થયો હતો. તેમના માતુશ્રીનું શુભ નામ નંદુબેન હતું અને વંથળી સોરઠના સુપ્રસિદ્ધ કુટુંબ શ્રી. ઝીણા અમરશીના તેઓ પુત્રી થાય. માત્ર પાંચ જ વર્ષની વય થતા માતા મૃત્યુ પામ્યાં અને દશ વર્ષની વય થતાં પિતાજીનો દેહાન્ત થયો. એટલે આ કારણે શ્રી ફુલચંદભાઇ સ્વાભાવિક રીતે જ સ્વાવલંબી બન્યાં. પાછળથી છત્રાસા છોડી તેઓ મોટી પાનેલીના વતની બન્યાં.

પ્રાથમિક શિક્ષણ છત્રાસાની શાળામાં લઇ માત્ર ચૌદ વર્ષની ઉંમરે ભાગ્ય અજમાવવા એડન તરફ પ્રયાણ કર્યું. શરૂઆતમાં એડનમાં તેમના બનેવી મોટી પાનેલીના શેઠશ્રી. બેચરદાસ પ્રેમજી સાથે ગયા અને ઇ. સ. ૧૯૧૪માં પોરબંદરવાળા સુપ્રસિદ્ધ શેઠ નથુ મુલજીને ત્યાં મેનેજર તરીકે નોકરી શરૂ કરી. શેઠ નથુ મુલજીની એડનની પેઢીનું ઉદ્દઘાટન શ્રી. ફુલચંદભાઇના વરદ હસ્તે થયું અને એ સંબંધ આગળ જતાં વેવાઇ સંબંધમાં પરિણમ્યો.

શ્રી ફુલચંદભાઇના જીવનમાં પ્રારબ્ધ અને પુરુષાર્થ બંનેનો સુમેળ થયો છે અને તે કારણે એડનમાં તેમની પ્રગતિ દિનપ્રતિદિન વધવા લાગી. શ્રી ફુલચંદભાઇએ પછી નોકરી છોડી સ્વતંત્ર કમીશન એજન્ટ અને કાપડનું કામ શરૂ કર્યું. ભારતમાં પણ શ્રી છગનલાલ કસ્તુરચંદ અને રવજી ઝવેરચંદ જેવી મોટી પેઢીઓ સાથે સંબંધ બંધાયો. જીવનમાં ચડતી પડતી આવ્યા જ કરે છે પણ એવા પ્રસંગે જે સ્થિર અને સમતોલ રહી શકે છે તે અવશ્ય આગળ વધી શકે છે ધંધાની શરૂઆતમાં જ તેઓ પર એક મોટો ફટકો પડયો. બેંક ઓફ એબીસીનીઆના કેશીયરના ગોટાળાને કારણે તેમની રૂ. ૮૦,૦૦૦ જેવી મોટી રકમ ગઇ. પરંતુ આ કપરા કાળમાંથી પણ તેઓ સુખરૂપ પાર ઉતર્યા. પ્રામાણિકતા, ચીવટતા અને કાર્યકુશળતાના કારણે ત્યાંની એક મોટી કંપની એ. બીસ ( A. BESSE ) ની પસંદગી તેમના પર ઉતરી અને સોલ સેલીંગ કામ તેમને સોંપાયું. શ્રી ફુલચંદભાઇની સિદ્ધિના પાયામાં આ પેઢીનો મહત્ત્વનો હિસ્સો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇ. સ ૧૯૫૮ થી તેઓ વેપારધંધા સાથે હુન્નરઉદ્યોગમાં પણ રસ લેવા લાગ્યા. તેમણે એડનમાં જયન્ત પાટવી એલ્યુમિનમ વર્કસ શરૂ કર્યું અને ઇ. સ. ૧૯૬૯માં એડનમાં જીવનલાલ એન્ડ કંપનીનું ભવ્ય કારખાનું પણ એક પ્રતિષ્ઠિત વ્યક્તિની ભાગીદારીમાં ખરીદી લીધું. એડનનો બધો વહીવટ તેમના મોટા પુત્ર પ્રભુલાલના પુત્ર શ્રી સુરેશભાઇ સંભાળે છે. એડનની પરિસ્થિતિમાં પરિવર્તન આવ્યા પછી શ્રી ફુલચંદભાઇ અને તેમના ત્રણે પુત્રો મુંબઈમાં સ્થિર થઇ નવા ઉદ્યોગો ( Industry ) શરૂ કર્યા છે. માટુંગામાં તેઓની માલિકીના બે મકાનો છે.

સં. ૧૯૭૦ માં શ્રી ફુલચંદભાઇના લગ્ન પાનેલીવાળા શ્રી રૂપશી નથુભાઇ મહેતાની પુત્રી પાર્વતીબેન સાથે થયા. વેશવાળ થયા પછી શ્રી પાર્વતીબેનની આંખો બગડી અને ચક્ષુ તેજ ઓછા થયા. કુટુંબના વડીલોએ શ્રી ફુલચંદભાઇ ઇચ્છે તો એ વેશવાળ જતું કરી બીજે લગ્ન કરવાનો માર્ગ ખુલ્લો કરી આપ્યો. પણ યુવાવસ્થા હોવા છતાં તેમણે એક જ જવાબ આપ્યો કે હું એમ કદાપિ ન કરી શકું. લગ્ન પછી આવી ખામી આવી હોત તો? પાર્વતીબેન સાથેજ તેમણે લગ્ન કર્યા અને અઠ્ઠાવીસ વર્ષના સુખી દાંપત્ય જીવનને અંતે શ્રી પાર્વતીબેનના મૃત્યુ પછી તેઓ વાનપ્રસ્થ જીવન ગાળે છે.

સદ્ગત પત્નીના સ્મરણાર્થે મોટી પાનેલીમાં શ્રી પાર્વતીબહેન સાવજનિક દવાખાનું ચાલે છે. એડનની ગુજરાતી સ્કુલની સ્થાપનામાં તેમનો મહત્ત્વનો હિસ્સો હતો અને રૂપિયા પચીસ હજારની રકમ આપી હતી. શેઠ દેવકરણ મુલજી સોરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન બોર્ડીંગના તેઓ ટ્રસ્ટી હતા અને અવારનવાર આ સંસ્થાને આર્થિક સહાય આપે છે. મહાવીર જૈન વિદ્યાલય તેમજ અમરેલીની શ્રી ખી. મુ. જૈન બોર્ડીંગના તેઓ પેટ્રન છે. મોટી પાનેલીમાં બંધાયેલા મંદિરની જગ્યા તેઓએ ભેટ આપી છે અને એ મંદિરમાં પણ તેઓનો મોટો ફાળો છે. તેમના સદ્ગત પુત્રવધૂ સૌ. પ્રભાકુંવરના સ્મારકરૂપે પાનેલીમાં 'પ્રભાકુંવર પ્રાણલાલ વોરા માતૃકલ્યાણ બાલમંદિર અને પ્રસુતિ ગૃહ' ચાલે છે, તેમજ એક વિદ્યાર્થી મહાવીર જૈન વિદ્યાલયમાં સ્કોલર તરીકે રહે એવી વ્યવસ્થા કરી છે. ઇ. સ. ૧૯૪૮માં શ્રી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન જ્ઞાતિનું સંમેલન જુનાગઢ મુકામે ભરવામાં આવ્યું હતું ત્યારે અધ્યક્ષ પદે શ્રી ફુલચંદભાઇની વરણી કરવામાં આવી હતી.

શ્રી ફુલચંદભાઇને ત્રણ પુત્રો અને ત્રણ પુત્રીઓનો પરિવાર છે. ત્રણે પુત્રો શ્રી પ્રભુલાલ, પ્રાણલાલ અને જયંતિલાલે મુંબઇમાં નવી ઇન્ડસ્ટ્રી (હુન્નર ઉદ્યોગ) શરૂ કરી છે અને શ્રી ફુલચંદભાઇ શાંતિપૂર્વક નિવૃત્તિમય જીવન ગાળે છે. આવા ઉદાર ચરિત અને ધર્મનિષ્ઠ સેવાભાવી સૌજન્યશીલ શ્રી ફુલચંદભાઇને પેટ્રન તરીકે મેળવવા બદલ આ સભા આનંદ અને ગૌરવ અનુભવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૬૯] વિ. સં. ૨૦૨૮ પોષ ∴ ઈ. સ. ૧૯૭૨ જાન્યુઆરી [અંક-૩

# સ્વમાં જાગો

દુનિયામાં આજે ઘણા વાદો છે, સામ્યવાદ, ગાંધીવાદ એ બધા વાદોના પ્રચારકો પણ ઘણા છે. પરંતુ એક વાદ એવો છે કે તેના કોઈ પ્રચારકો નથી. છતા તે વાદ ભારતના ખૂણેખૂણામાં ફેલાયેલો છે, એ વાદ બીજો કોઈ નહિ પણ અવર્ણવાદ છે, બીજા બધા વાદોના પ્રચારકો હોવા છતાં તે બધા વાદો કરતાં અવર્ણવાદનો પ્રચાર વધારે છે, કોઈના અવર્ણવાદ બોલવા એમાં કોઈ લાભ નથી. માત્ર મોંની ચળ ઉતારવાની હોય છે અને એકલી કર્મ બંધણી છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ 'અધ્યાત્મઉપનિષદ્'માં ફરમાવે છે કે—

स्वप्रवृत्तावति जागरूकः परप्रवृत्तौ बधिरान्धमूकः ।
सदा चिदानन्दपदोपयोगी लोकोत्तरं साम्यमुपैति योगी ॥

જે મહાત્માઓ સ્વમાં અત્યંત જાગૃત હોય અને પરમાં બધિર, અંધ, મૂક હોય અને જેઓ સદાકાળ માટે આત્મામાં જ અખંડ ઉપયોગવાળા હોય, તેવા મહાત્માઓ લોકોત્તર સમતાને પામે છે, દરેક મુમુક્ષુએ આત્મામાં અત્યંત જાગૃત રહેવું જોઈએ, સ્વ આત્માના પરિણામની ક્ષણે ક્ષણે ચોકી ભરતા જોઈએ કે રખે મારો આત્મા સ્વભાવમાંથી પરભાવમાં ચાલ્યો જાય. અત્યારે મારો આત્મા સ્વભાવમાં છે કે પરભાવમાં? કષાયમાં છે કે સમતામાં? આ રીતે જે સ્વમાં અત્યંત જાગૃત હોય તે લોકોત્તર સમતાને પામે છે અને અંતે કેળવ જ્ઞાન પ્રાપ્ત કરે છે, સ્વમાં જાગૃત રહેવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમ પરમાં કોઇના પણ અવગુણ સાંભળવાની બાબતમાં બહેરા બનીજવું, જોવાની બાબતમાં અંધ બની જવું અને અવગુણ બોલવાની બાબતમાં મૂંગા બની જવું જોઇએ, આ એક ગાથામાં ઘણા સિદ્ધાંતોનાં રહસ્યો આવી જાય છે આ એકજ ગાથા જો વર્તનમાં મુકાઇ જાય તો જીવનમાં અનુપમ શાંતિ અનુભવી શકાય અને માણસો જેની ને તેની ઘોર ખોદતા બંધ થઇ જાય.

આજથી થોડાં વર્ષો પહેલાંઅમે શ્રી ગિરનારજીની યાત્રાએ ગયા હતા ગામમાંથી ત્યારે મને થયું કે આ ઘોરખોદિયા આટલામાં જ રહેલા निंदक वोसबसे बडा घोरखुदिया है। તે ઉપલક દૃષ્ટિથી બીજાની ઘોર ખોદતા હોય છે પરંતુ તત્તવ દ્રષ્ટિથી તો પોતાના આત્માની જ ઘોર ખોદે છે, ખરેખર માનવીને આજે બીજાનાં ચારિત્ર જોવાની ટેવ છે, જ્યારે મહાપુરૂષો ફરમાવે છે કે, ખરી રીતે મનુષ્યોએ અહર્નિશ પોતાનાં ચરિત્ર જોવાં જોઇએ અને વિચારવું જોઇએ કે મારુ ચરિત્ર પશુ તુલ્ય છે કે મહાપુરુષોના ચરિત તુલ્ય છે? કોઇની નિંદા કરવી ન જોઇએ તેમ સાંભળવી પણ ન જોઇએ અવર્ણવાદ સાંભળવામાં પણ મહા પાપ છે, તમે દુકાને બેઠા હો અને કોઇ માણસ દુકાનના ઓટલા ઉપર બેસીને બીજા કોઇ પણ માણસની નિંદા કરતો હોય તો તમારે સાફ સાફ શબ્દમાં કહી દેવું જોઇએ કે, "ભાઇ, આ દુકાનનો ઓટલો છે ચોરો નથી" આમ કહેવા જેટલું પણ આજે મનુષ્યમાં નૈતિકબળ રહ્યું નથી, ઊલટા કેટલાક તો એવા હોય છે કે તેની વાતમાં મીઠું નાંખે, અને ઉપરથી વળી ચાનો પ્યાલો પાય. તેથી પેલો ઝેર ઓકયા જ કરે, આ રીતનાં હલકાં કમ એજ ખોદ કામ છે, પૃથ્વી પર ઠેકઠેકાણે કાંટા વેરાયેલા હોય છે આપણે બચવું હોય તો કાંટારખા પહેરી લેવા જોઇએ, બાકી આખી પૃથ્વીને કાંઇ ચામડાથી મઢી ન શકાય, માટે બીજાના અવગુણ જોવા કરતાં માણસે પોતાની જાતને જોવી જોઇએ, પોતે અપૂર્ણ છે ત્યાં સુધી મનુષ્યને બીજાના અવગુણ જોવાનો અધિકાર જ નથી. માટે હવે તમારે કોઇના પણ અવગુણ જોવા હોયતો પહેલાં તમે પૂર્ણ બનો, બોલો. પછી બીજા કોઇના અવગુણ જોવાનો વિકલ્પ રહેશે ખરો? નહિં રહે.

બીજામાં આપણે રસ લઇએ એ પણ આપણી અપૂર્ણતા છે, આજે તો કોઇ જાણીતો માણસ સામે મળે તો તરતજ પૂછે, "કાં શું છે?" મારા જેવાને જો કોઇ પૂછે તો તરત જવાબ હઉં કે "શું શું? ઘડીકમાં બધું પૂંછે" આતો કોઇ સામે મળે એટલીજ વાર 'કાં શું છે? છે કાંઇ નવા જૂની?' અરે! પણ શું નવા જૂની હોય! આયુષ્ય ક્ષણે ક્ષણે ઓછું થતુ જાય છે એ નવા જૂની છે પણ માણસોને આજે બીજાનું જાણવામાં રસ છે, તેટલો રસ જો મનુષ્ય પોતાના ગુણ-અવગુણમાં લેતા થઇ જાઇ તો કલ્યાણ થઇ જાય?

પૂ. ગણિવર્ય ભુવનવિજયજી મ. કૃતઃ 'અખંડ જ્યોત'માંથી સાભાર ઉધ્ધૃત.

---

न केवलं यो महतोऽपभाषते श्रुणोति स्मतादपि यः स पापभाक्।

જે મહાન પુરુષોની નિંદા કરે છે, તે એકલોજ નહિ, પરંતુ તેને સાંભળે છે તે પણ પાપનો ભાગીદાર થાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દુઃખી જગત.

લેખક : સ્વ. આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

અનિયમિત અને અનિશ્ચિત જીવનમાં જીવવાના બે વિભાગ પાડી શકાય : એક સુખી અને બીજું દુઃખી. સુખની ભાવના અને માન્યતાના અનેક પ્રકાર છે તેવી જ રીતે દુઃખની ભાવના અને માન્યતાના પણ અનેક પ્રકાર છે; જેથી કરીને સુખી જગત અનેક પ્રકારનું છે અને દુઃખી જગત પણ અનેક પ્રકારનું છે. સુખી જગત હમેશાં સુખી રહેતું નથી અને દુઃખી જગત હમેશાં દુઃખી રહેતું નથી. જન્મથી લઈને મરણ પર્યંતમાં અવારનવાર સુખદુઃખ આવે જ છે. ચોખ્ખા સુખમાં અને ચોખ્ખા દુઃખમાં કોઈ પણ સંસારી જીવ જીવતો નથી અર્થાત્ સુખમાં દુઃખનું મિશ્રણ રહેલું હોય છે અને દુઃખમાં સુખનું મિશ્રણ રહેલું હોય છે. કોઈને ધનનું સુખ હોય છે તો કોઈને પુત્રનું દુઃખ હોય છે. કોઈને ધન અને પુત્રનું સુખ હોય તો શરીરનું દુઃખ હોય છે. કોઈ શારીરિક સુખી હોય તો ધનથી દુઃખી હોય છે. કોઈ ધનથી, પુત્રથી, શરીરથી સુખી હોય છે તો માનસિક દુઃખ હોય છે. સર્વ પ્રકારે સુખી અને સર્વ પ્રકારે દુઃખી એવા જીવનમાં કોઈ પણ જીવતું નથી. માનવી સુખે જીવવાના અનેક પ્રયાસ કરે છે, છતાં નિર્ણય કરી શકતા નથી કે કેવી રીતે સુખેથી જીવાય; કારણ કે સુખે જીવવાને સંસારે નિર્ણિત કરેલા સિદ્ધાંતને અનુસરીને પ્રયાસ કરનાર માનવી સફળતા મેળવવાની તૈયારીમાં હોય છે કે તરત જ સુખના સિદ્ધાંતનું પરિવર્તન થઈ જાય છે, જેથી કરીને માનવીને સુખ માટે ફરીને પ્રયાસ કરવો પડે છે. આવી રીતે સંસારી જીવો સુખના સિદ્ધાંતોને બદલતા રહેવાથી માનવી સુખેથી જીવવાને કેવી રીતે નિર્ણય કરી શકે? કારણ કે એક વખત જે પ્રયાસ, પ્રવૃત્તિ અને પ્રાપ્તિમાં સુખ મનાતું હોય તેમાં જ કાળાંતરે દુઃખ માનવામાં આવે છે અને જેમાં દુઃખ મનાતું હોય તેમાં જ કાળાંતરે સુખ મનાય છે, માટે જ માનવી સુખદુઃખનો નિર્ણય ન કરી શકવાથી અનિયમિત વ્યવસ્થા શૂન્ય જીવનમાં જીવે છે. જેમણે પોતાના જીવનની વ્યવસ્થા કરી રાખેલી હોય છે તેમને પણ વખત જતાં વ્યવસ્થા ફેરવવી પડે છે. આપણે નજરે જોઈ શકીએ છીએ કે સુખનું સાધન ધન ઉપાર્જન કરવાને કોઈ એક ધંધાની વ્યવસ્થા કરી રાખી હોય તો તે ધંધામાં ન ફાવતાં વખત જતાં એ વ્યવસ્થાને ફેરવવી પડે છે અથવા તો વિશેષ ધનની ઇચ્છાથી બીજા ધંધાઓ કરીને પણ વ્યવસ્થા ફેરવે છે. આવી રીતે માનવીઓ પોતાના આખા યે જીવનમાં એકસરખી જીવનવ્યવસ્થા રાખી શકતા નથી, જેથી કરીને મિશ્ર જીવનમાં જીવે છે. જો કે સુખમાં દુઃખ અને દુઃખમાં સુખ મિશ્રિત રહેલું હોય છે, છતાં જીવો દુઃખે જ જીવે છે; કારણકે થોડુંક પણ દુઃખ ઘણા સુખને દુઃખમય બનાવે છે. માનવીને કેટલાક દુઃખના પ્રસંગો જેવા કે : નવ મહિના ગર્ભમાં રહેવું, જન્મવું, ઇષ્ટવિયોગ અને અનિષ્ટ સંયોગ વગેરે વગેરે નિર્ણિત કરેલા હોય છે. તેવી રીતે સુખનો કોઈપણ પ્રસંગ નિર્ણિત નથી. માનવીના જીવનની શરૂઆત દુઃખથી થાય છે. અને અંત પણ દુઃખથી જ આવે છે. જો જીવનનો આદિ–અંત દુઃખસ્વરૂપ છે, તો પછી મધ્યમાં સુખ કેવી રીતે હોઈ શકે? કારણ કે કારણ અનુસાર કાર્ય થાય છે. ગર્ભથી લઈ જન્મપર્યંત જીવનનું કારણ કહેવાય છે અને તે કારણ દુઃખસ્વરૂપ હોવાથી તેના કાર્યરૂપ જીવનમાં સુખ માનવું તે એક ભ્રમણા છે અને જો તેને સુખ માનવામાં આવે તો પછી તેના કાર્યરૂપ મૃત્યુ પણ સુખ સ્વરૂપ હોવું જોઈએ; પણ તે દુઃખ સ્વરૂપ જોવામાં આવે છે. માટે જીવનનો કોઈ પણ એવો પ્રદેશ નથી કે જેમાં દુઃખ ન હોય.



For Private And Personal Use Only

ઇંદ્રિયોના સારાનરસા વિષયોની અસર થવાથી રાગદ્વેષના તીવ્ર પરિણામ થવા અને સંયોગવિયોગની ઇચ્છાઓ થવી તે સુખ નથી પણ દુઃખ જ છે. જ્યાં સુધી વિકૃતિરૂપ સ્ફુરણાઓ થયા કરે છે ત્યાં સુધી પોતાને સુખી સમજી સંતોષ ધારણ કરનાર માનવી મોટી ભૂલ કરે છે; કારણ કે વિકૃતિ માત્ર દુઃખ જ છે. જીવનમાં કોઇ પણ ક્ષણ વિકૃતિથી ખાલી નથી; કારણ કે પ્રત્યેક સમયમાં મોહનીયકર્મના વિકારરૂપ ઉદય બન્યો જ રહે છે. મોહનીયના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ સિવાય પ્રકૃતિસ્વરૂપ સુખ પ્રાપ્ત થઇ શકતું નથી, કે જેને સાચું સુખ કહેવામાં આવે છે. માનવીએ માનેલા સુખને જો તપાસીએ તો તે વિકૃતિ જ જણાય છે અને તે વિકૃતિ કર્મના ઉદયથી પૌદ્‌ગલિક વસ્તુના વિકારોના સંસર્ગથી ઉત્પન્ન થયેલી હોય છે અર્થાત્ એ વિકૃતિનું કારણ પૌદ્‌ગલિક વસ્તુના વિકારો છે. વિકૃતિ એટલે વસ્તુનું એક સ્વરૂપે ન રહેતાં ક્ષણે ક્ષણે પરિવર્તન થવું. આવા પરિવર્તનશીલ વિકૃતિ સ્વરૂપ સુખને ક્ષણિક, અસ્થિર અને અવાસ્તવિક કહેવામાં આવે છે. પ્રકૃતિસ્વરૂપ સુખ આવું હોતું નથી. તે શાશ્વતું, સ્થિર અને સાચું હોય છે. આવા સુખને મેળવનાર જ સાચો સુખી કહી શકાય. બાકી તો બધાં યે દુઃખને જ સુખ માની રહ્યાં છે. વાસ્તવિક રીતે જો સુખ દુઃખને તપાસીએ તો આત્માની પ્રકૃતિ તે સુખ છે અને જડના સંસર્ગથી થવાવાળી વિકૃતિ માત્ર દુઃખ છે; છતાં માનવી કેટલીક વિકૃતિમાં સુખનો આરોપ કરે છે અને કેટલીક વિકૃતિમાં દુઃખનો આરોપ કરે છે, માટે જ આ સુખદુઃખ સાચાં નથી પણ ભ્રમણા માત્ર છે અને તે માનવીની મિથ્યા કલ્પનાનું ફળ છે.

સુખને ઓળખી સુખે જીવી જાણનાર સ્વર્ગ અને મોક્ષનો અધિકારી બની શકે છે, પણ તે સાચું સુખ ઓળખાવું બહુ જ કઠણ છે. જીવો વિકૃતિમાં જ સુખ માનવાને ટેવાઇ ગયા છે. તેઓ પ્રકૃતિસ્વરૂપ સુખને સમજી શકતા નથી; જેથી કરી તેમનું જીવન સુખમય બની શકતું નથી ભલે, તેઓ પોતાને સુખી માને પણ તે તેમની એક અજ્ઞાનતા [illegible] માનવી માને છે કે અમે સંસારમાં સુખી [illegible] પણ [illegible] મિથ્યાભિમાન સિવાય બીજું [illegible] હોતું નથી. સંસારમાં માનવી માત્ર જો એકસર[illegible] સ્થિતિવાળા હોય તો કોઇ પણ એમ ન કહી શકે કે હું સુખી છું. લાખવાળો હજારવાળાને જોઇને સુખીપણાનું અભિમાન ધરાવે છે અને ક્રોડવાળો લાખવાળાને જોઇને પોતાને સુખી માને છે. આવી રીતે વધારે ને વધારે સમૃદ્ધિવાળા પોતાનાથી ઓછી સમૃદ્ધિવાળાઓને જોઇને સુખીપણાનું મિથ્યાભિમાન ધરાવે છે તેમજ નિરોગી હોય તે રોગીને જોઇને, રૂપવાન હોય તે કુરૂપવાળાને જોઇને, બળવાન હોઇ તે નિર્બળને જોઇને, વિદ્વાન હોય તે મૂર્ખને જોઇને, તેવી જ રીતે બીજી બાબતોમાં પણ પોતાનાથી ઓછી વસ્તુવાળાને જોઇને સંસારમાં સુખી માનવાની પ્રથા ચાલી આવે છે અથવા તો બીજી રીતે પણ જીવો પોતાને સુખી માનતા દેખાય છે. જેમકે : લાખવાળાને જોઇને હજારવાળો પોતાને એમ સમજીને સુખી માને છે કે આ પરમ ઉપાધિવાળો છે માટે દુઃખી છે, પણ તે પોતાના મનને સમજાવવા પૂરતું છે; કારણ કે તેને પોતાને લાખ મેળવવાની ઇચ્છા છે પણ તે પૂરી ન થવાથી પોતાને સુખી માને છે. જો તે સંતોષવૃત્તિથી પોતાને સુખી માનતો હોય અને લાખ મેળવવાનો પ્રયાસ ન કરતો હોય તો કંઇક અંશે લાખવાળા કરતાં સુખી કહેવાય ખરો, નહિ તો વધારે સંપત્તિવાળાઓને જોઇને ઓછી સંપત્તિવાળાઓને પોતાને દુઃખી માનવાની પ્રથા સંસારમાં જોવામાં આવે છે. સાંસારિક જીવોએ કલ્પેલાં સુખદુઃખ આને જ કહેવામાં આવે છે કે જે ઉપર કહ્યા પ્રમાણે વિકૃતિસ્વરૂપ છે. હું સુખી છું એવું મિથ્યાભિમાનરૂપ વિકૃતિ તે સુખ અને હું દુઃખી છું એવું દિલગીરી અને શોકરૂપ વિકૃતિ તે દુઃખ કહેવાય છે. આ સિવાય સંસારીઓના જીવનમાં પ્રકૃતિસ્વરૂપ સુખ તો જણાતું નથી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્યાં સુધી જીવ કષાય અને વિષયને આશ્રિત હોય છે ત્યાં સુધી તે સુખી થઇ શકતો નથી, કારણ કે કષાય અને વિષય બન્ને પરવસ્તુ છે અને તેનો સુખને માટે ઉપયોગ કરે છે, છતાં દુઃખી થાય છે. જીવમાત્રની પ્રવૃત્તિ સુખને માટે હોય છે. જો તેને એમ જણાય કે અમુક પ્રવૃત્તિ કરવાથી દુઃખ થશે તો તે દિશામાં એક પગલું પણ ભરતો નથી; પરંતુ તે સુખને ન ઓળખવાથી પરિણામે દુઃખ મેળવે છે. સુખને માટે ક્રોધ, માન, માયા, લોભની જરૂર નથી તેમજ રાગદ્વેષની પણ જરૂર નથી; છતાં સંસારમાં જીવો સુખી થવા એને સાથે રાખીને પોતાની પ્રવૃત્તિ કરે છે. જડ તથા જડના વિકારો જે વિષય કહેવાય છે તે જીવને માટે હેય હોઇ શકે પણ ઉપાદેય નથી, છતાં જીવ ઉપાદેય માને છે; એટલા માટે જ તેને કષાયો કરવા પડે છે. જો ઉપાદેયપણાની ઉપેક્ષા કરવામાં આવે તો પછી રાગદ્વેષ કરવાની જરૂર રહેતી નથી, કે જે રાગદ્વેષ એક દુઃખનું મૂળ કહેવાય છે. હેયને ઉપાદેય માનવું તે એક મિથ્યાજ્ઞાન કહેવાય છે. આ અજ્ઞાન જ્યાં સુધી હોય છે ત્યાં સુધી જીવ સાચા સુખને સમજી તેને મેળવી શકતો નથી. દેહાદિ જડ વસ્તુઓને આશ્રયીને જીવને મિથ્યાભિમાન થાય છે કે જેને લઇને ક્રોધ કરવો પડે છે. જેમાં અંશ માત્ર પણ સુખ હોતું નથી. કારણ કે આ બન્ને દ્વેષસ્વરૂપ છે, કે જે એક દુઃખનું નામાંતર છે. ગમતી વસ્તુને વધુને વધુ મેળવવા આકાંક્ષા રાખવી તે લોભ કહેવાય છે અને વધુ વસ્તુ મેળવવાની આકાંક્ષા પૂરી કરવા માયા કરવામાં આવે છે. આ બન્ને રાગનાં અંગ છે. તે સુખની પ્રાપ્તિ કરાવી શકતા નથી.

સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર મેળવવા માટે કષાયની જરા યે જરૂર નથી. શાંતિ, સુખ, આનંદ મેળવવા માટે જડના વિકારરૂપ વિષયોની જરૂર નથી. જીવો દેહ તથા તેની સાથે સંબંધ ધરાવનાર બીજા જડ પદાર્થો માટે કષાય કરે છે અને વિષયનો ઉપભોગ પણ દેહના માટે કરે છે અને તે એક જ જીવન માટે કરવામાં આવે છે. ભાવી જીવનમાં જીવને તેનાં માઠાં ફળ સિવાય બીજું કશું યે મળતું નથી. દેહને આશ્રયીને કરવામાં આવતી દરેક પ્રવૃત્તિનું પરિણામ માઠું જ હોય છે પણ તે જીવને ભાવી અનેક જીવનમાં ભોગવવું પડે છે. જે જીવનમાં કષાયો કરવામાં આવે છે તે જીવનમાં પણ તે દુઃખ આપનારા હોય છે. આત્માને આશ્રયીને કરવામાં આવતી દરેક પ્રવૃત્તિ જીવોને લાભદાયી નિવડે છે. સમજીને સાચી રીતે કરવામાં આવતી પ્રવૃત્તિ આત્માનો વિકાસ સાધી શકે છે અને સમજ્યા વગરની પ્રવૃત્તિ જીવને પુણ્યબંધનું કારણ થવાથી ભાવી જીવનમાં પૌદ્ગલિક સુખ આપનારી થાય છે; છતાં તે પ્રવૃત્તિથી તત્ત્વદૃષ્ટિથી જોતાં દુઃખ જ થાય છે, પણ સંસારી જીવોએ તેને સુખ માનેલું હોવાથી જીવ પોતે પણ સુખ માને છે. દેહ તથા આત્માની ભિન્નતા સારી રીતે સમજ્યા વગર પોતાના કલ્યાણ માટે ધાર્મિક પ્રવૃત્તિ કરનારાઓ કષાયોનો ઉપયોગ કરે છે; પરંતુ આત્માને દેહથી ભિન્ન માનનાર માનવીઓની પ્રવૃત્તિમાં કષાયને અવકાશ મળતો નથી અર્થાત્ દેહને પોતાનું સ્વરૂપ માનનારની ધાર્મિક પ્રવૃત્તિ કષાયગર્ભિત હોય છે અને દેહને ભિન્ન માનનારની પ્રવૃત્તિ મુક્ત હોય છે. કષાયો વિકાસના બાધક છે પણ પુન્યના બાધક નથી. કષાયોથી સાચું સુખ મળતું નથી પણ પૌદ્ગલિક સુખ મળી શકે છે, એટલે કે કષાય સહિતની ધાર્મિક પ્રવૃત્તિ પૌદ્ગલિક સુખ આપી શકે છે. કેવળ દેહને આશ્રયીને કષાય સહિતની પ્રવૃત્તિ તો એકાંતે દુઃખ જ આપે છે માટે જ આત્મિક ગુણો મેળવવામાં કષાયોની જરા યે જરૂર નથી. અનુકૂળ વિષયોથી જીવો એક જ જીવનમાં પૌદ્ગલિક સુખ મેળવે છે. તે પણ ઇંદ્રિયોની સાથે વિષયોનો સંસર્ગ રહે ત્યાં સુધી જ હોય છે. તે વિયોગ થવાથી નષ્ટ થઇ જાય છે માટે તે સુખ નથી હોતું, પણ વિષયોનો સંસર્ગ થતાં દુઃખમાં કાલ્પનિક સુખનો આરોપ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવામાં આવે છે અને તે વિષયોનો વિયોગ થવાની સાથે ઊડી જવાથી દુ:ખ અનુભવે છે અને એટલા જ માટે અનુકૂળ વિષયોના સંસર્ગથી થવાવાળી વિકૃતિમાં સુખ માને છે અને પ્રતિકૂળ વિષયોના સંસર્ગથી થવાવાળી વિકૃતિમાં દુ:ખ માને છે અને અનુકૂળ વિષયોના સંસર્ગથી થવાવાળા હર્ષ, આનંદ આદિ વિકૃતિને સુખ માને છે. દુ:ખ કાયમ રહેવાવાળું હોય છે. સુખ થોડો કાળ રહીને નષ્ટ થવાવાળું હોય છે. જે વખતે સુખ હોય છે તે વખતે પણ દુ:ખ તો હોય જ છે પણ તે સુખ નીચે દબાઇ રહેલું હોય છે. આવી રીતે દુ:ખની નીચે સુખ દબાઇને રહેલું હોતું નથી અર્થાત્ સુખ એ પણ એક દુ:ખની જ અવસ્થા છે. સંસારમ, જેટલા પ્રકારનાં સુખ કહેવાય છે તે બધાં યે દુ:ખના જ રૂપાંતર છે. સંસારમાં પોતાને સુખી માનનારાઓ બે પ્રકારના હોય છે; એક ઉપકાર કરીને સુખ માને છે જ્યારે બીજો અપકાર કરીને સુખ માને છે, અર્થાત્ એક રાગથી સુખ માને છે અને એક દ્વેષથી સુખ માને છે. કેટલાક તો કોઇ પણ પ્રકારની પોતાને મળેલી સંપત્તિના મદમાં આવી જઇને બીજાના ઉપર સત્તા અજમાવી સ્વામી બનવા જતાં અથવા પોતાના વિચારો પ્રમાણે અનુકૂળ બનાવવા જતાં ફાવટ ન આવવાથી બીજા ઉપર દ્વેષબુદ્ધિ ધારણ કરી તેનું અનિષ્ટ કરવા હમેશાં ચિંતાવાળો રહે છે અને અનેક પ્રકારના પ્રયાસો કરે છે. કોઇક પ્રસંગે પ્રયાસમાં સફળતા મેળવીને બીજાનું અનિષ્ટ કરીને પોતાને સુખી માને છે; તેમજ પોતાના વર્તન, વિચાર અને કથનમાં વિરોધ કરનારને પોતાનું અપમાન કરનાર સમજીને તેના ઉપર દ્વેષ ધારણ કરે છે અને ફાવટ આવે ત્યારે તેની ઉપર અપકાર કરીને પોતે બહુ રાજી થઇને પોતાને બહુ સુખી માને છે. ત્યારે કેટલાક જીવો પ્રાણીમાત્ર પોતાના મિત્ર સમજે છે અને ગમે તેટલું પોતાનું અનિષ્ટ કરીને અપરાધ કરવા છતાં પણ ક્ષમા આપી, તેમના ઉપર ઉપકાર કરી પોતાને સુખી માને છે. કેટલાક મનગમતી વસ્તુઓ ઉપર રાગ કરીને, તેને મેળવીને, પોતાને સુખી માને છે ત્યારે કેટલાક અણગમતી વસ્તુઓ ઉપર દ્વેષ હોવાથી તેને નષ્ટ કરી પોતાને સુખી માને છે. આવી રીતે સંસારમાં પોતાને સુખી માનનારના અનેક પ્રકારો જોવામાં આવે છે; છતાં પરિણામે દુ:ખના સ્વરૂપમાં દેખાય છે અર્થાત્ તેઓ સાચા સુખથી તો વેગળા જ હોય છે.

# તપ

જ્ઞાની ભગવંતોએ આંતરિક વાસના-લાલસાઓ પર કાબૂ મેળવી અણાહારી પદની પ્રાપ્તિ માટે તપ ધર્મનું આરાધન સૂચવ્યું છે, તેથી તપ કરનારાઓએ ઉત્તરપારણે કે પારણે તપના નામે વાસના-લાલસાના સંસ્કારો પાતળા થવાના બદલે ગાઢ ન બને તેનું પૂરતું ધ્યાન રાખવાની જરૂર છે; અને તપ કરતી વખતે આંતરિક શુભ વિચારો ટકી રહે અને ઉત્તરોત્તર પરિણામશુદ્ધિ વધતી રહે તે અંગે ગુણિયલ મહાપુરુષોના ઉદાત્ત જીવનપ્રસંગો વિચારી તેમાંથી પ્રેરણા લેતાં શીખવું જોઇએ.

સાગરનાં મોતી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન નેમિનાથ.

લેખક : મનસુખલાલ તા. મહેતા

હજારો વરસો પહેલાંની આ વાત છે. હસ્તિનાપુર નગરીમાં શંખનામે રાજા રાજ્ય કરતો હતો અને તેને અત્યંત પ્રિય એવી યશોમતી નામે રાણી હતી. બંને વચ્ચે જળ અને મીન જેવી પ્રીત. એક વખત રાજા અને રાણી જ્ઞાની એવા મુનિરાજને વાંદવા ગયા ત્યારે સ્વાભાવિક રીતે જ રાજાએ પૂછયું: 'ગુરુદેવ ! અમને એક બીજાને એક બીજા પર અથાગ રાગ છે, પરંતુ ધર્મશાસ્ત્રોએ તો કહ્યું છે કે રાગ અનેક અનર્થોનું મૂળ છે અને વીતરાગ અવસ્થામાં મુક્તિ જેવું સુખ છે. તો અમારા બંને વચ્ચેના આવા રાગનું રહસ્ય શું હશે ? અને આવા રાગમાંથી મુક્ત કઈ રીતે અને કયારે બની શકશું ?'

મુનિરાજે બંનેને યોગ્ય જીવો સમજી કહ્યું: 'મહાનુભાવો ! એપાંચ ભવથી નહીં પરંતુ છેલ્લા સાત ભવોથી તમારા બંને વચ્ચે અતૂટ પ્રીત એક સરખી ચાલી આવે છે. શરૂઆતના પ્રથમ ભવમાં વર્તમાન શંખનો જીવ ધનકુમાર હતો અને યશોમતી તે વખતે તારી પત્ની ધનવતી હતી. ધનકુમાર જ્યારે તેની માતા ધારિણીના ગર્ભમાં હતો ત્યારે તેની માતાએ એક અદ્‌ભુત સ્વપ્ન જોયેલું. એ સ્વપ્નમાં તેના ઘર આંગણે આમ્રવૃક્ષ નવ વખત રોપાયેલું જોયું; અને એક કરતાં બીજી વખતે આમ્રવૃક્ષ અધિક અને અધિક પ્રમાણમાં ફળદાયક બનતું જતું હતું. ધન કુમાર અને ધનવતીના ભવમાં એક વખત સરોવરના કાંઠે એક મૂર્છા પામેલા મુનિને જોયા અને તેની સેવા શુશ્રુષા કરી આત્મદર્શન, સમકિત પ્રાપ્ત કર્યું. ત્યારબાદ તમે બંનેએ દીક્ષા ગ્રહણ કરી અને કાળધર્મ પામી બીજા ભવમાં સુધર્મ દેવલોકમાં દેવ થયા.'

મહારાજશ્રીએ આગળ ચાલતાં કહ્યું: 'બે ભવ સુધી સાથે રહ્યા બાદ ત્રીજા ભવમાં ધનકુમારના જીવે વૈતાઢ્ય પર્વત ઉપર સુરતેજ નામના નગરમાં સુરરાજાની રાણી વિદ્યુન્મતીની કૂખે પુત્ર રૂપે જન્મ લીધો, અને શિવમંદિર-નગરના રાજા અનંગસિંહ રાજાની રાણી શશીપ્રભાની કુક્ષિએ ધનવતીએ પુત્રી રૂપે જન્મ લીધો. ત્યાં તમારા બંનેનાં નામો અનુક્રમે ચિત્રગતિ અને રત્નવતી હતાં. પૂર્વજન્મથી ચાલ્યા આવતા રાગના કારણે ત્યાં પણ તમે બંને પતિપત્ની થયા અને રાગની ગાંઠ વધુ મજબૂત બની. જીવનના અંતિમ ભાગમાં સંસારની અસારતા સમજી તમે પતિ–પત્નીએ ત્યાગ ધર્મનો સ્વીકાર કરી દીક્ષા લીધી અને કાળધર્મ પામી માહેન્દ્ર દેવલોકમાં દેવ થયા, એ તમારો ચોથો ભવ. દેવલોકમાંથી ચ્યવીને પાંચમા ભવમાં ધન-કુમારનો જીવ પશ્ચિમ મહાવિદેહમાં પદ્મ નામના વિજયમાં સિંહપુરના રાજા હરિનંદીને ત્યાં પુત્ર રૂપે જન્મ્યો, જ્યાં તેનું નામ અપરાજિત રાખવામાં આવ્યું હતું. ધનવતીના જીવે દેવલોકમાંથી ચ્યવીને જિતશત્રુ રાજાની પત્ની ધારિણીની કુક્ષિએ પુત્રી રૂપે જન્મ લીધો. એ વખતે ત્યાં તેનું નામ પ્રીતિમતી રાખવામાં આવેલું અને પૂર્વ-જન્મોથી ચાલી આવતી પ્રીતિ અનુસાર ત્યાં પણ બંને પતિ–પત્ની બન્યાં. અનેક પ્રકારના સુખો ભોગવ્યા પછી દીક્ષા ધર્મ અંગીકાર કર્યો. તમારા બંને જીવોની ખાસ વિશિષ્ઠતા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ છે કે ભોગોમાં તમે જેમ સાથે રહ્યાં તેમ ત્યાગ ધર્મમાં પણ વિખૂટાં ન પડતાં સાથે જ રહ્યાં. બીજી રીતે કહીએ તો ભોગ અને ત્યાગમાં એકબીજા એકબીજાથી જરાએ ઉણાં ન ઉતર્યા. ભોગ અને ત્યાગને સમાનપણે માણતાં તમને આવડયું, માત્ર ભોગમાં ઘેલા બની લપટાઇ ન ગયા. પછી કાળધર્મ પામી છઠ્ઠાભવમાં આરણદેવલોકમાં ઈન્દ્રના સામાનિક દેવ થયા અને આયુષ્ય પૂર્ણ થયે ચ્યવીને સાતમા ભવે ધનકુમારનો જીવ તે 'હે શંખરાજા!' તમે પોતે જ છો. ધનવતીનો જીવ તે વર્તમાન તમારી રાણી યશોમતી. સાતસાત ભવોથી તમારા બંનેના જીવો નિરંતર એક સાથે રહેતા આવે છે, એટલે સ્વાભાવિક રીતે અરસપરસ તમારા વચ્ચે અપૂર્વ રાગ છે, પણ જ્ઞાનીઓની દૃષ્ટિએ તો રાગબદ્ધ દશા એજ સંસાર છે અને રાગરહિત દશા એ જ મુક્તિનું સ્વરૂપ છે.'

યશોમતીએ વિષણ્ણ હૈયે પૂછયું : ગુરુદેવ! દ્વેષમાંથી મુકત થવું એ સહેલું છે, પણ રાગમાંથી મુકત થવાનું મારા માટે તો કોઈપણ જન્મે શકય બને તેવું લાગતું નથી. એક પણ દિવસ શંખરાજાથી દૂર રહું તો તેથી મારૂં હૃદય વલોવાઇ જાય છે.'

મુનિરાજે આછા સ્મિતપૂર્વક કહ્યું : 'જે બાંધી શકે છે તે તેમાંથી મુકત પણ થઇ શકે છે. કર્મમાં શૂરા તેઓ ધર્મમાં પણ આજ વાત કહી જાય છે. અલબત્ત, તીવ્ર રાગ બંધનમાંથી મુકત થવું એ લોઢાના ચણા ચાવવા જેવું કઠિન અને દુષ્કર છે, પણ અશકય નથી. આવતા જન્મમાં તમારા બંનેનાં જીવો દેવલોકમાં જશે અને તે પછી જ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં જન્મ લઇ ધનકુમારનો જીવ બાવીશમાં તીર્થંકર નેમનાથ થશે અને ધનવતી મહાસતી બાળબ્રહ્મચારિણી રાજીમતી રૂપે જન્મશે.'

યશોમતી ગદ્દગદ કંઠે બોલી : 'તેઓ તો રાગમુકત થઈ તીર્થંકર થશે, પણ મારા જીવનું ભાવિ શું? એમની પ્રત્યેના રાગનો નાશ કઇ રીતે થાય તેની તો હું કલ્પના જ નથી કરી શકતી.' મુનિરાજે તેને સાંત્વન આપતાં કહ્યું : 'પુત્રી! માનવહૃદય પર કર્મરૂપી રાગના પડ બંધાઈ જાય છે અને એ પડોને છેદવા માટે વેદનારૂપી રસાયણ અદ્દભુત કામ કરે છે. વેદનાનું એ રસાયણ પણ તમને નેમિનાથ દ્વારાજ પ્રાપ્ત થશે. તમને થનાર એ વેદનાને જગતના માનવો અનંતકાળ સુધી ભૂલશે નહિ અને અનેક સ્ત્રી પુરૂષોને રાગમુકત થવામાં તમારી વેદના ઔષધનું કામ કરશે.'

કરુણાર્દ્રભાવે યશોમતી બોલી : 'મારા ભાગ્યમાં વેદના દ્વારા રાગનો નાશ થવાનો હોય તો તેનું મને દુઃખ નથી. પણ કોઇ જન્મે એમના વિયોગનું દુઃખ તો હરગિઝ હું સહન નહિ જ કરી શકું.'

યશોમતીના શબ્દોથી મુનિરાજ અને શંખરાજાની આંખની પાંપણો ભીની થઈ પણ પછી સ્મિતપૂર્વક મુનિરાજે કહ્યું : 'તમારામાં રહેલા રાગનો નાશ થશે એટલું જ નહીં, પણ તમારી મુકિત નેમિનાથ પહેલાં તેમની સુશિષ્યા તરીકે થશે, એટલે તેમાં વિયોગની વાતને સ્થાન જ નહિ રહે.' મુનિરાજની વાણી સાંભળી યશોમતીના રૂવે રૂવે આનંદ અને હર્ષ પ્રગટી રહ્યો.

શંખરાજાએ ચિરકાળ પર્યંત રાજ્યનું પાલન કરી યશોમતી સહદીક્ષા લીધી. શંખરાજાએ એ ભવમાં 'સવિ–જીવ કરૂં શાસન–રસી' એ સર્વોચ્ચ ભાવના સાથે વીશ સ્થાનક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તપનું આરાધન કરી તીર્થંકર નામ ઉપાર્જન કર્યું અને અનશન કરી શંખરાજા અને યશોમતી બંનેના જીવ અપરાજિત વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા.

ત્યાંથી ચ્યવીને શંખરાજાનો જીવ ભરત-ક્ષેત્રમાં કુશાવર્ત દેશના શૌર્યપુર નામના નગરમાં સમુદ્રવિજય રાજાની રાણી શિવા-દેવીની કૂખે શ્રાવણ સુદ પાંચમને દિવસે પુત્ર રૂપે અવતર્યો અને ત્યાં તેનું નામ અરિષ્ટનેમિ પાડવામાં આવ્યું. યશોમતીનો જીવ ચ્યવીને ઉગ્રસેન રાજાની પુત્રી રાજીમતી નામે થઈ. જન્મથી જ નેમિકુમારને મતિ-શ્રુત-અવધિ એમ ત્રણ પ્રકારનાં જ્ઞાન હતાં.

યૌવનવય પામ્યા પછી એક વાર કેવળ કુતૂહલથી તેમના પિતરાઇ કૃષ્ણ વાસુદેવની આયુધશાળામાં જઈ ચડયા અને શ્રીકૃષ્ણના સુદર્શન ચક્રને આંગળીના ટેરવા ઉપર રાખી કુંભારના ચાકડાની જેમ ફેરવવા માંડયું. વળી પંચજન્મ નામના શંખને એવા જોરથી ફૂંકયો કે મોટા હાથીઓ પોતાની સાંકળો તોડીને જેમ તેમ દોડવા લાગ્યા. નગરજનો થરથર કંપવા લાગ્યા અને શ્રીકૃષ્ણ ત્યાં તરત જ દોડી આવ્યા. નેમિકુમારની અદ્ભુત શકિત જોઈ શ્રી કૃષ્ણને ભારે ભય લાગ્યો અને વિચાર્યું કે આ સામ્રાજયનો માલિક તો ચોકકસ નેમિકુમાર જ થશે, પણ ત્યાં તો આકાશમાં દેવવાણી થઈ કે 'પૂર્વે નમિ-નાથ ભગવાને ભાખ્યું હતું કે નેમિનાથ કુમારઅવસ્થામાં દીક્ષા લેશે અને બાવીશમાં તીર્થંકર થશે એટલે તેમના તરફથી કશો ભય રાખવાનું કારણ નથી.'

આમ છતાં શ્રી કૃષ્ણ પોતાના અંતઃપુરની રાણીઓ સત્યભામા, રૂકિમણી, ગૌરી, જાંબ-વતી. પદ્મા, સુસીમા, લક્ષ્મણા અને ગાંધારી સાથે નેમિકુમારને રૈવતાચલના ઉદ્યાનમાં જલક્રીડા કરવા લઈ ગયા. શ્રી કૃષ્ણની આજ્ઞા મુજબ બધી રાણીઓએ નેમિકુમારને લગ્ન કરવા લલચાવ્યા અને ઠઠ્ઠા મશ્કરી કરી ત્યારે નેમિનાથને આ બધી સ્ત્રીઓની મૂર્ખાઈ પર હસવું આવ્યું અને આવા હાસ્યને લગ્ન માટેની સંમતિ માની લઇ શ્રી કૃષ્ણે ઉગ્રસેન રાજા પાસે તેની પુત્રી રાજીમતીનું માગું મૂકયું. ઉગ્રસેને આનંદપૂર્વક સ્વીકાર કર્યો અને રાજીમતીના આનંદનો પાર ન રહ્યો. તેના અંગના રૂંવાડે રૂંવાડે આનંદ પ્રગટી રહ્યો.

લગ્નની તમામ તૈયારીઓ થઇ ગઇ અને નેમિકુમારને રથમાં બેસાડયા. બળભદ્ર, શ્રી કૃષ્ણ અને તેની રાણીઓ તેમજ નેમિકુમા-રની માતા શિવાદેવી, પિતા સમુદ્રવિજય તેમજ યાદવકુળનાં અનેક સ્ત્રી પુરૂષો સાથે મંગલ ગીતો ગાતાં જાન રવાના થઇ.

વરરાજાનો રથ લગ્ન મંડપથી થોડે દૂર રહ્યો ત્યારે નેમિકુમારને કાને પશુઓનો આર્ત સ્વર સંભળાયો. સારથિ પાસે રથ થોભાવી નેમિકુમારે તેને આતુરતાપૂર્વક પૂછયુંઃ આવો કરૂણ રૂદનભર્યો અવાજ કયાંથી આવે છે? સારથિએ નિર્દોષ ભાવે કહ્યુંઃ 'આપની જાનને જમાડવા માટે ભોજન અર્થે એકઠાં કરેલાં પશું પક્ષીઓનો આ આર્ત સ્વર છે.'

સારથિની વાત સાંભળી નેમિકુમાર સ્તબ્ધ થઈ ગયા. મનોમન વિચારવા લાગ્યાઃ 'મારા લગ્ન નિમિત્તે આ સંહારથી અન્ય જીવોને દુઃખ આપી. હેરાન કરીને જ જો સુખ પ્રાપ્ત થઇ શકતું હોય, તો એવા સુખનું મૂલ્ય શું? અનેક જન્મોમાં અનેકવાર આવાં લગ્નો થઇ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગમાં હોવાં છતાં જીવને તૃપ્તિ ન થઇ! ભોગનો અંત જ ન આવ્યો!' વિચારધારા આગળ ચાલી: 'અગ્નિમાં ઈંધન નાખતાં જઈ અગ્નિને શાંત કરવા જેવા આ મિથ્યા પ્રયત્નો નથી તો બીજુ શું છે? ભોગ-સુખ-વૈભવ-માતા-પિતા-પત્ની-સંતાનો-સત્તા-રાજપાટ તો આ જીવે અનેકવાર પ્રાપ્ત કર્યા, પણ તેથી ચિત્તને ક્યારેય શાંતિ થવા ન પામી! ક્યાંથી થાય? માર્ગ જ ખોટો ગ્રહણ કર્યો-જે છોડવું જોઇએ, જેની સામે દૃષ્ટિ પણ ન કરવી જોઇએ તેની પાછળ આ જીવ પડયા કર્યો.' પછી તો તરત જ સારથિને આજ્ઞા કરતાં કહ્યું 'આ રથને પાછો ફેરવી હવે.'

રથ પાછો ફરતી વખતે મહેલની અટારી પરથી રાજીમતી અતૃપ્ત નજરે નેમિકુમાર તરફ જોઈ રહી હતી. તે દૃશ્ય નેમિકુમારની દૃષ્ટિએ પડયું અને રાજીમતીને થનાર આઘાતની કલ્પના પણ કરી. પણ પછી તો આત્માની ઉપર મોહનો પ્રભાવ ચાલી જઈ આત્માનો પ્રભાવ મોહ પર શરૂ થઇ ચુકયો હતો. મનને સમજાવ્યું 'રાજીમતીને અસહ્ય દુઃખ વેદના અને આઘાત તો અવશ્ય થશે પણ દુઃખ વેદના અને આઘાત એ તો આત્માના ભોજન છે, એની વિના જીવને સ્વરૂપનું ભાન ક્યાંથી થાય? માતા પિતા અને કુટુમ્બીજનો તેમજ મિત્રોએ સમજાવવામાં બાકી ન રાખી, પણ મહાપુરૂષોના નિર્ણયો હંમેશા અચલ અને અટળ હોય છે. જ્યાં લગ્નની નોબતો વાગી રહી હતી ત્યાં ગમગીની છવાઈ રહી. નેમિકુમારે પછી તો ગિરનાર પર્વત જઈ સહસ્રાવનમાં આવી પંચમુષ્ટિ લોચ કરી દીક્ષા ગ્રહણ કરી અને તે વખતે તેમને મનઃપર્યવ જ્ઞાન પ્રગટયું.

રથ પાછો ફર્યો અને નિરાશ કરી નેમિકુમારના પાછા ચાલ્યા જવાની વાત જાણતાં, ભગ્ન હૃદયે રાજીમતી મહેલમાં જ નિશ્ચેતન થઈ બેભાન અવસ્થામાં નીચે પડી ગયા. મહાન રાગની સાથે મહાન શોક સંકળાયેલો છે. એયને થયેલો આઘાત-વેદના-વ્યથા જોઈ કોઇનું પણ હૈયું કંપી ઊઠે. માનવ હૃદય પર રાગદ્વેષ રૂપી અજ્ઞાનનાં જે પડો જામી ગયાં છે, તેને દૂર કરવાનું કાર્ય વેદનારૂપી ઔષધ દ્વારા જ થાય છે. એ દેખાય છે ભયંકર પણ એનું પરિણામ આવે છે ઉત્તમ એ અસહ્ય દુઃખની વેદનામાંથી રાજીમતીને સત્ય સમજાવું કે રાગ અને પ્રીતના કારણે જ જીવ માત્ર સંસાર ચક્રો ફરવા પડે છે, તેથી એ દશામાંથી તો મુકત થયે જ છૂટકો.

રાજીમતી ગિરનાર ગયા અને નેમિનાથ પાસે દીક્ષા લીધી. ભૌતિક સુખો જે એઠાં ભોજન જેવાં છે તેનો અંત આવ્યો અને આત્મિક વિકાસ શરૂ થયો. અંધકાર ગયો પ્રકાશ પ્રગટયો. નવ નવ ભવોથી આવી એક ધારી ચાલી આવતી પ્રીત અને પ્રીતની રીતનો ઇતિહાસ અજોડ તે પ્રીત-રાગ-મોહના કારણે સંસારને વધારતાં તો સૌ કોઈને જોઇએ છીએ. પરંતુ પ્રીત-રાગ-મોહ જેવા બંધના કારણોને પણ મુકિતનાં સાધનાં બનાવવાનું કાર્ય આપણને રાજીમતી મહાસતીએ જ શીખવ્યું*

* જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડનું પ્રગટ થનાર પાઠય પુસ્તક 'ધર્મકથાઓ'માંથી લેખકની કથા ટુંકાવીને સાભાર ઉધ્ધૃત.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન યોગવિદ્યા—એક આછી રૂપરેખા

લેખકઃ—પ્રોફેસર જયંતીલાલ ભાઈશંકર દવે એમ, એ.

જગતના મુખ્ય મુખ્ય ધર્મોની ઉત્પત્તિ એશિયા ખંડમાં થયેલી જોવામાં આવે છે તે એક વિચારણીય હકીકત છે. આ બધા ધર્મોનું વર્ગીકરણ કરીએ તો બે વિભાગ સ્પષ્ટ રીતે પડે છે. (૧) સેમિટિક ધર્મો (૨) આર્યકુલના ધર્મો. સેમિટિક ધર્મોમાં આદિ ધર્મ યાહુદીઓનો ધર્મ છે, ખ્રીસ્તી ધર્મ અને ઇસ્લામ સેમિટિક ધર્મોના વર્ગમાં આવે છે ઇશુ-ખ્રીસ્ત જન્મે યાહુદી હતા, તેમણે પ્રચલિત યાહુદી ધર્મને એક નવી દૃષ્ટિ આપીને મૂળ ધર્મમાં થોડોક ફેરફાર કર્યો પણ રૂઢિચુસ્ત યાહુદીઓને એ વાત માન્ય નહોતી તેથી ખ્રીસ્તી ધર્મ સ્વતંત્ર રીતે જૂદા જ ધર્મ તરીકે માન્ય થવા લાગ્યો. ઇસ્લામમાં યાહુદી અને ખ્રીસ્તી ધર્મોની ખૂબ અસર છે માટે જ તેને સેમિટિક ધર્મોના વર્ગમાં વિદ્વાનો મૂકે છે.

## જગતના ધર્મોનો તુલનાત્મક દૃષ્ટિએ વિચાર : યોગ માર્ગનો સ્વીકાર

ઉપર અમે બહુ જ ટુંકાણમાં સેમિટિક ધર્મોનો અલ્પ પરિચય અને ઇતિહાસ આપ્યો. હવે આર્ય-કુલના ધર્મોમાં હિંદુ, જૈન અને બૌદ્ધ ધર્મો આવે છે. ખરી રીતે 'હિંદુ' શબ્દ યોગ્ય નથી. "વૈદિક અને અવૈદિક ભારતીય ધર્મો" એમ આપણે કહેવું જોઇએ અથવા બ્રાહ્મણ ધર્મ અને શ્રમણ ધર્મ એવો વાક્યપ્રયોગ કરવો જોઇએ. શ્રમણ ધર્મમાં જૈન અને બૌદ્ધ બન્ને આવી જાય છે. અહિં શીખ ધર્મને સ્વતંત્ર ગણ્યો નથી; તે હિંદુ ધર્મની ઉપ-શાખા છે. ઝરથોસ્તી ધર્મની ચર્ચા અહિં અપ્રસ્તુત છે.

જગતના મુખ્ય ધર્મોનો તુલનાત્મક દૃષ્ટિએ વિચાર કરીશું તો એક વાત સ્પષ્ટ રીતે જણાઇ આવશે તે એ છે કે દરેક ધર્મમાં યોગ માર્ગનો સ્વીકાર થયેલો જોવામાં આવે છે. એકેશ્વરવાદી ધર્મો (Monotheistic) માં પ્રધાનપણે ભક્તિયોગ જોવામાં આવે છે. ભારતીય દર્શનો અને ધર્મોમાં એક વિશિષ્ટતા એ છે કે યોગના અનેક પ્રકારો, અનેક અંગો અને ઉપાંગો, પૃથક્ અને એકી સાથે, સ્વીકારાયાં છે. જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગ આ શબ્દોથી લગભગ દરેક શિક્ષિત માણસ પરિચિત છે. દરેક ધર્મમાં કયા પ્રકારનો યોગ માર્ગ પ્રચલિત છે એનું વર્ણન અહિં કરવા બેસીએ તો બહુ જ વિસ્તાર થઇ પડે માટે વિષયાંતરભય અને વિસ્તાર ભયથી ખ્રીસ્તી યોગની પ્રક્રિયા બહુ જ ટુંકાણમાં આપી મુખ્ય વાત ઉપર આવીએ.

સેઇન્ટ બર્નાર્ડ નામે એક મોટા ખ્રીસ્તી સંત અને યોગી થઇ ગયો છે. તેનો ઉપદેશેલો યોગમાર્ગ આપણા ધ્યાન યોગને બહુ જ મળતો આવે છે. પંતજલિ યોગમાં ધારણા, ધ્યાન, સમાધિ વગેરેનું વર્ણન છે. આબેહૂબ એવું જ વર્ણન સેઇન્ટ બર્નાર્ડની પ્રક્રિયામાં દેખાય છે. જેને આપણે 'ધારણા' કહીએ છીએ તેને સેઇન્ટ બર્નાર્ડ લેટીન ભાષામાં 'consideratio' કહે છે. જેને આપણે 'ધ્યાન' કહીએ છીએ તેને તે 'contemplatio' કહે છે અને જેને આપણે 'સમાધિ' કહીએ છીએ તેને તે "excessus" અથવા "raptus" કહે છે. આ ત્રણે શબ્દો 'ધારણા' 'ધ્યાન' અને 'સમાધિ'-ના સ્પષ્ટ પર્યાયો છે એમ જણાયા વગર રહેશે નહિ.

ભારતીય દર્શનોમાં પણ ધ્યાનયોગ એ જ મુખ્ય યોગ છે. બૌદ્ધ દર્શનમાં અને જૈન દર્શનમાં પણ ધ્યાનયોગ પ્રધાનયોગ છે. તાંત્રિક દર્શનોમાં પણ યોગ પ્રક્રિયાઓ છે. પણ આ બધાની પાછળ જોઇએ તો ઇષ્ટનું ધ્યાન એ જ મુખ્ય વસ્તુ છે. ઇષ્ટ શું હોઇ શકે તેની ચર્ચા અહિં અસ્થાને છે. યોગનો સાર, યોગનું રહસ્ય, ધ્યાનમાં રહેલું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## યોગ એટલે શું ?

'યોગ' શબ્દની વ્યુત્પત્તિ જોઈએ તો તે સંસ્કૃત શબ્દ છે અને 'युज्' ધાતુમાંથી વ્યુત્પન્ન થયો છે. સિદ્ધહેમચંદ્ર વ્યાકરણ પ્રમાણે 'युज्' ધાતુ પણ બે જાતના છે એટલે જુદા જુદા અર્થના બોધક છે. એક અર્થમાં 'युज्' એટલે 'જોડવું' થાય છે. અને युजि च समाधौ એમ બીજી રીતે તેનો અર્થ 'સમાધિ' થાય છે. બૌદ્ધ ઝેન (zen) સંપ્રદાયમાં વિશેષત: બીજો અર્થ ગ્રહણ કરાયેલો લાગે છે. ઝેન શબ્દ એ ધ્યાન શબ્દનું અપભ્રંશરૂપ છે. ટૂંકામાં ધ્યાન અને સમાધિનો નિકટ સંબંધ હોવાથી તે સંપ્રદાયમાં ધ્યાનયોગ વધારે પ્રચલિત થયો છે. ઘણુંખરું બીજાં બધાં ભારતીય દર્શનોમાં યોગ શબ્દના બન્ને અર્થોનો સ્વીકાર થયેલો જોવામાં આવે છે.

## યોગમાં સાધ્ય અને સાધન

પતંજલિએ યોગની વ્યાખ્યા 'ચિત્તવૃત્તિનો નિરોધ એ જ યોગ,' એમ આપી છે, સૂક્ષ્મતાથી જોઈએ તો ચિત્તવૃત્તિઓનો ખાસ સંબંધ મન, વચન અને શરીરની ક્રિયાઓ સાથે છે. ટૂંકામાં ચિત્તવૃત્તિ નિરોધ એટલે સંયમ–મનનો, વાણીનો અને શરીરનો. જો આપણે મોક્ષને સાધ્ય માનીએ તો સ્પષ્ટ છે કે ચિત્તવૃત્તિનિરોધરૂપી યોગ સંયમયોગ બને છે. એટલે કે તે એક ધર્મવ્યાપાર અથવા એક સાધન છે. આપણું અંતિમ સાધ્ય તો મોક્ષ છે. શ્રી યશોવિજયજીએ યથાર્થ જ કહ્યું છે કે मोक्षेण योजनादेव योगो ह्यत्र निरुच्यते (द्वात्रिंशिका १०–१) એટલે કે જે કોઈ સાધનથી આત્માની શુદ્ધિ અને મોક્ષ પ્રાપ્ત થાય છે તે બધાં સાધનો મોક્ષ–યોગને ઉપકારક બને છે.

## જૈન યોગવિદ્યાનું સ્વરૂપ

જૈન આગમોમાં યોગનું વર્ણન ધ્યાનયોગ તરીકે વિશેષ જોવામાં આવે છે ધ્યાનના મુખ્યત્વે ચાર પ્રકાર છે (૧) આર્ત, (૨) રૌદ્ર, (૩) ધર્મ અને (૪) શુક્લ. હવે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન તો ક્ષુદ્ર પ્રકારનાં ધ્યાનો છે કારણકે તેમાં રજોગુણ અને તમોગુણ વિશેષ રહે છે અને ઘણુંખરું તેની ભૂમિકા વ્યાવહારિક છે, પારમાર્થિક નથી. તેથી ઊલટું ધર્મધ્યાન અને શુક્લધ્યાન આત્માર્થીને પરમ ઉપકારક બને છે. માણસના સ્વભાવમાં જ ચંચળતા રહેલી છે અને તેથી જ તેની ચિત્તવૃત્તિઓ વારંવાર ડોલાયમાન થયા કરે છે અને ધ્યેયને પ્રાપ્ત કરી શકાતું નથી; માટે જ ચિત્તની એકાગ્રતા કેળવવી જોઈએ. સાદી ભાષામાં કહીએ તો યોગ એટલે ચિત્તની એકાગ્રતા અથવા કોઈપણ વિષયમાં ચિત્તની અનન્ય તન્મયતા, આવી ચિત્તની એકાગ્રતા અથવા તન્મયતા સિવાય પ્રગતિ સાધી શકાય નહિ. ધ્યાનમાં ચિત્તની એકાગ્રતા જ મુખ્ય વસ્તુ છે. ચિત્તની એકાગ્રતાનો ઉપયોગ વ્યાવહારિક ધ્યેયો પ્રાપ્ત કરવા માટે થઈ શકે છે અથવા પારમાર્થિક ધ્યેયો પ્રાપ્ત કરવા માટે. એટલે યોગ પણ બે પ્રકારનો થયો. (૧) વ્યાવહારિક (૨) પારમાર્થિક. જેમાં માત્ર એકાગ્રતાનો જ વિચાર પ્રધાનપણે છે તે વ્યાવહારિક યોગ કહેવાય પણ જેમાં એકાગ્રતાની સાથોસાથ આત્માની સતત જાગૃતિ અને અહંકાર, મિથ્યાત્વ વગેરેનો ત્યાગ છે તથા મોક્ષગામી દૃષ્ટિ છે તે પારમાર્થિક યોગ છે, ધર્મધ્યાન અને શુક્લધ્યાનથી અંતઃકરણ નિર્મળ અને શુદ્ધ બને છે. શુક્લ ધ્યાને જૈનગ્રંથોમાં ઉત્તમ મોક્ષ સાધન કહ્યું છે. આ વિષય પર વિસ્તારપૂર્વક માહિતી આવસ્યકનિર્યુક્તિ, સમાધિશતક ઇત્યાદિ ગ્રંથોમાં આપી છે.

જૈન યોગવિદ્યામાં હઠયોગ કે પ્રાણાયામને સ્થાન નથી. શ્રી હેમચંદ્રાચાર્યે તો પ્રાણાયામનો નિષેધ પણ કર્યો છે. તેનું કારણ તેઓ પ્રમાણે આપે છે.

तन्नाप्नोति मनः स्वास्थ्यं प्राणायामैः कदर्थितम्।
प्राणस्यायमने पीडा तस्यां स्याच्चित्तविप्लवः ॥
(हैमयोगशास्त्र)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એટલે કે પ્રાણાયામ કરવાથી મન ડહોળાઇ જઇ સ્વસ્થતા મેળવતું નથી અને ઉલટું તેને પીડા થાય છે અને પરિણામે ચિત્ત બહુજ અસ્થિર બની જાય છે. હરિભદ્રસૂરિએ પણ એવા જ આશયવાળું કહ્યું છે કે 'જ્યારે ધ્યાન કરવાનું હોય ત્યારે હઠાત્કારથી કે બલાત્કારથી શ્વાસોચ્છ્વાસનો નિરોધ કરવો જોઈએ નહિ.' વળી કેટલાકનો એવો મત છે કે પ્રાણાયામથી જેને લાભ થતો હોય તો તે ભલે તેમ કરે પણ આધ્યાત્મિક દૃષ્ટિએ વિચાર કરતાં તે યોગ માર્ગનું આવશ્યક અંગ તો નથીજ.

## ગુણસ્થાનકો યોગની ભૂમિકાઓ છે.

જ્યારે આત્મા વિકાસની દિશા તરફ જવા માંડે છે ત્યારે તેને અનેક અવસ્થાઓમાંથી અથવા ભૂમિકાઓમાંથી પસાર થવું પડે છે. અથવા બીજી રીતે કહીએ તો નીચલા પગથિયાંથી ક્રમેક્રમે ઉપર ને ઉપર પગથિયે ચડે છે. ગુણસ્થાનક્રમારોહ—આ શબ્દપ્રયોગ તેજ વસ્તુ બતાવે છે. નિશ્ચયનયથી વિચાર કરીએ તો આત્માના સ્વભાવમાં તો કોઇ ગુણસ્થાનક નથી. આત્માનો મૂળ સ્વભાવ તો પૂર્ણ જ્ઞાયક, ચૈતન્યસ્વરૂપ, પૂર્ણસૂર્યના જેવો પ્રકાશરૂપ, સમદર્શી, કૃતકૃત્ય અને નિરંજન છે. પણ વ્યવહારનયથી વિચારીએ તો જીવને રાગાદિ ભાવકર્મો વળગ્યાં છે, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મો છે, શરીરાદિનો કર્મો છે. હવે ગુણસ્થાન–મીમાંસાનું રહસ્ય આ છે. વ્યવહારનય પ્રમાણે જીવ અશુદ્ધ છે. આ અશુદ્ધતાની માત્રાઓ ઘટાડવા માટે અને શુદ્ધતાને પ્રાપ્ત કરવા માટે ગુણસ્થાનકોનાં પગથિયાં ગોઠવ્યાં છે. કોઇ વિદ્વાને યોગ્ય જ કહ્યું છે કેઃ **आस्त्रवो बंधहेतुः स्यान्निर्जरा मोक्षकारणम् । इतीयमार्हती दृष्टिः ॥**

એટલે કર્માસ્ત્રવો બંધનું કારણ બને છે અને નિર્જરા મોક્ષનું કારણ બને છે. આજ જૈનદૃષ્ટિએ તત્ત્વસાર છે. કર્મનાશ એટલેજ મોક્ષ. કર્માસ્ત્રવની સંપૂર્ણ નિર્જરા થતા આત્મા પોતાનાં મૂળસ્વરૂપમાં પ્રકાશે છે. આ મૂળ સહજ સ્થિતિ એજ મોક્ષ.

જૈન યોગસાહિત્યમાં ક્યાંક ક્યાંક ત્રિવિધ યોગ, પંચવિધ યોગ અને અષ્ટદૃષ્ટિ યોગનું વર્ણન આવે છે પરંતુ તે બધું પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત કરવાના સાધનરૂપે ઉદ્દિષ્ટ છે. જીવ શુદ્ધાત્મા બને એટલે તુરતજ પરમાત્માસ્વરૂપ બની જાય છે. એજ સિદ્ધસ્થિતિ છે. એજ મોક્ષ છે. ટૂંકામાં મોક્ષપદ અથવા પરમાત્મપદ અથવા શુદ્ધાત્મસ્વરૂપ પ્રાપ્તિ માટેનું સાધન યોગ કહેવાય છે.

---

## જો જાગત હૈ

જીવનમાં જે જાગૃત રહે છે તે જ પામી શકે છે. જે અજાગૃત રહે છે તે સદા ગુમાવતા રહે છે.

આ જાગરણ માત્ર શારીરિક નથી, પરંતુ માનસિક છે. અર્થાત જ્ઞાનનું જાગરણ છે.

જે માનવી જ્ઞાન વડે જાગૃત હોય છે. તે કદી પણ ગુમાવતો નથી. જીવનભર મેળવ્યા જ કરે છે. કારણ કે જ્ઞાન એ પ્રકાશ છે અને પ્રકાશની આરાધના કદી પણ નિષ્ફળ જતી નથી.

જ્યારે અજ્ઞાનરૂપી અઘોર નિંદ્રામાં પોઢેલા માનવીઓ સદાય ગુમાવતા રહે છે. ધન, પૈસો કે શરીરનું સુખ નહિ પણ જીવનમાં મંગલમય તત્ત્વો ગુમાવતાં હોય છે. કારણ કે અજ્ઞાનરૂપી અંધકારમાં માનવી નાશવંત વસ્તુઓ પાછળ દોડતો હોય છે, ભટકતો હોય છે અને લથડતો હોય છે. આમ છતાં નાશવંત વસ્તુઓ તે મેળવી શકતો નથી. સરી જતી રેતી માફક એ બધાં જડ સુખો એનાં હાથમાં આવાને સરી જાય છે.

જો જાગત હૈ સો પાવત હૈ ! જો સોવત હૈ, સો ખોવત હૈ !

—સુંદરજી રૂગનાથ બારાઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શાપરીઆ

શીપ બીલ્ડર્સ અને એન્જીનીયર્સ

: બનાવનારા :

- બાર્જીસ
- લાઇફ બોટસ
- ટગ્ઝ
- ફ્રેજર્સ
- પોન્ટુન્સ
- મુરીંગ બોયઝ
- બોયન્ટ એપરેટસ

વિગેરે.....................

: બનાવનારા :

- રોલીંગ શટર્સ
- ફાયર પ્રુફ ડોર્સ
- રોડ રોલર્સ
- ગ્રીલ બેરોઝ
- રેફ્યુઝ હેન્ડ કાર્ટસ
- પેલ ફેન્સીંગ
- સ્ટીલ ટેન્કસ

વિગેરે.....................

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું. પ્રાઇવેટ લીમીટેડ.

ચેરમેન :-શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેકટર :-શ્રી અમૃતલાલ ભાણજીભાઈ શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ-૧૫ (ડી. ડી.)

એન્જીઅરીંગ વર્કસ અને ઓફિસ
પરેલ રોડ, ક્રોસ લેન,
મુંબઇ-૧૨ (ડી. ડી.)

ફોન : ૪૪૦૦૭૧, ૪૪૦૦૭૨, ૪૪૩૨૩૩
ગ્રામ : 'શાપરીઆ' શીવરી-મુંબઇ.

ફોન : ૩૭૦૮૦૮, ૩૭૪૮૯૩
ગ્રામ : 'શાપરીઆ' પરેલ-મુંબઈ.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિઃસ્વાર્થ સેવા એજ પરમ સ્વાર્થ

**न हि कल्याणकृत् कश्चित् दुर्गतिं तात! गच्छति ।** જેઓ જીવ માત્રનું કલ્યાણ થાય તેવી પ્રવૃત્તિઓમાંજ રચ્યાપચ્યા રહે છે, જેઓએ જીવ માત્રની સેવા કરવાનું વ્રત લીધેલું છે તેઓ કદી પણ દુર્ગતિને પામતા નથી. જીવસેવા એ પણ એક જાતનું તપ છે. આ તપ આચરનાર માનવી પારકાનું કલ્યાણ સાધે છે એટલું જ નહિ પણ પોતાના આત્માનુંયે કલ્યાણ સાથે સાથે સાધે છે. આ દૃષ્ટિએ નિઃસ્વાર્થ જીવસેવા એ ઉત્તમ કોટિના સ્વાર્થને સાધનારી થઈ પડે છે. આ બાબતમાં મઘનું એક સુંદર દૃષ્ટાંત છે.

મગધ દેશના મચલ નામના ગામમાં મઘનો જન્મ થયો હતો. તે જ્યારે ઉંમર લાયક થયો ત્યારે પોતાના ગામના લોકોની ગંદી રહેણીકરણી, કજિયાખોર વૃત્તિ અને સ્વાર્થપરાયણ સ્વભાવ જોઈને તેને ખેદ થયો. આ પરિસ્થિતિ સુધારવાનો તેણે નિશ્ચય કર્યો અને તેના પ્રથમ પગથિયારૂપે ગામની ગંદકી દૂર કરવાની પ્રવૃત્તિ આદરી. તેણે ગામની શેરીઓ વાળીચોળીને સાફ કરવા માંડી. ગામના લોકો હસવા લાગ્યા અને વૃદ્ધજનો કહેવા લાગ્યા કે–મઘનું ભેજુ ચસકી ગયું છે. પરંતુ ગામને ચોકખું થતું જોઈને યુવાનો મઘની પ્રવૃત્તિ તરફ આકર્ષાયા અને ધીમે ધીમે મઘની પ્રવૃત્તિઓમાં સાથ આપવા ત્રીસ યુવાનો જોડાયા. આ ત્રીસેય સાથીઓ મઘના ઉપદેશ પ્રમાણે હિંસા, વ્યભિચાર, ચોરી, અસત્ય ભાષણ અને માદક પદાર્થોનું સેવન–પાંચે દોષોથી દૂર રહેતા અને પોતાની ફુરસદના સમયમાં લોકોને ઉપકારક થાય તેવી પ્રવૃત્તિઓ કરતા. તેઓ ગામના રસ્તાઓ સાફ કરતા, નાના નાના પૂલો બાંધતા, તળાવો ખોદતા અને એવાં બીજાં લોકોપયોગી કામો કરતા. વળી લોકોને સદાચારનો ઉપદેશ પણ આપતા. ધીમે ધીમે લોકોની તેમનાં કામોમાં તથા અન્ય પ્રવૃત્તિઓમાં શ્રદ્ધા બેઠી, અને તેઓ તેમને સહકાર આપવા લાગ્યા. દારૂનાં પીઠાં બંધ થયાં, અને ટંટા–બખેડા ઓછા થયા. આથી ગામના મુખીની પ્રતિષ્ઠા ઘટી અને તેની આવક ઓછી થવા માંડી. આ પરિસ્થિતિ તેનાથી સહન ન થઈ. તે રાજા પાસે ગયો અને ફરિયાદ કરી કે મઘ અને તેના સાથીઓ ગામ લોકોને ડરાવે છે, તેમની પાસેથી પૈસા પડાવે છે અને તેમની પ્રવૃત્તિઓથી આવક ઘણી ઘટી ગઈ છે. રાજાએ મઘ અને તેના સાથીદારોને પકડી લાવવાનો હુકમ કર્યો. હુકમની ખબર પડતાં તેઓ સામા પગલે રાજપુરુષો પાસે હાજર થયા. તેમને હાથપગમાં બેડી પહેરાવીને રાજદરબારમાં લઈ જવામાં આવ્યા. રાજા આ વખતે અંતઃપુરમાં હતો. કાંઈ પણ તપાસ ન કરતાં તે લોકોને હાથીના પગે કચડી નાંખવાનો હુકમ તેણે આપ્યો. હુકમ સાંભળીને મઘે પોતાના સાથીદારોને કહ્યું કે–"આપણે સારાં કર્મો કરતા આવ્યા છીએ છતાં આ સંકટ આવી પડયું છે, તો તે આપણાં આગલાં કુકર્મોનું ફળ છે તેમ માનજો. સત્કર્મોનું ફળ હવે પછી જરૂર મળશે તેવી શ્રદ્ધા રાખજો. જેવો લોકો પર અત્યાર સુધી તમારો પ્રેમ હતો, તેવો જ પ્રેમ તમારી સામે ફરિયાદ કરનાર મુખી ઉપર, તમને મારવાનો હુકમ કરનાર રાજા ઉપર તથા તમને મારવા માટે પ્રવૃત્ત થયેલા હાથી ઉપર રાખજો. શત્રુ, મિત્ર એવા ભેદ મનમાંથી કાઢી નાંખજો અને અત્યાર સુધી કરેલાં સત્કર્મોનું ચિંતન કરજો."

મઘ અને તેના સાથીદારોને એક મેદાનમાં સુવાડી તેમના ઉપર ચલાવવા માટે એક મદોન્મત્ત હાથીને લાવવામાં આવ્યો પરંતુ તેમને જોતાં જ હાથી કિકિયારી કરી પાછો હઠયો; તેણે એક પણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પગલું આગળ વધવાની ના પાડી. આ સમાચાર સાંભળતાં જ રાજાને લાગ્યું કે નક્કી આ માણસો પાસે હાથીને વશ કરવાનો મંત્ર હશે. એટલે તેણે મઘને પોતાની પાસે બોલાવ્યો તથા પોતાને તે મંત્ર શીખવવા કહ્યું. મઘે જવાબ આપ્યો કે "મહારાજ, અમારી પાસે મંત્ર જંત્ર નથી. અમારો મંત્ર કહીએ તો તે અમે આજ સુધી એકનિષ્ઠાથી શીલનું પાલન કરતા આવ્યા છીએ તેજ છે. અમે જાણી જોઇને કોઇ પ્રાણીનો ઘાત કરતા નથી, પરસ્ત્રીને માતા સમાન ગણીએ છીએ, ચોરી કરતા નથી, અસત્ય ભાષણ બોલતા નથી. અને દારૂ વગેરે માદક પદાર્થો સેવતા નથી. અમે લોકોની સેવા કરીએ છીએ અને જીવમાત્ર તરફ મૈત્રીની ભાવના કેળવીએ છીએ. આજ અમારો મંત્ર છે."

રાજાએ તપાસ કરાવી તો મઘની આ વાત સાચી નીકળી. એટલે ગુસ્સે થઇને ખોટી ફરિયાદ કરનાર મુખીને દેહાંતદંડની શિક્ષા ફરમાવી. પણ મઘે રાજાને મુખીને માફી આપવા વિનંતી કરી. આ વિનંતિ સ્વીકારી રાજાએ મુખીને માફી આપી પણ તેની પાસેથી મુખીપણું લઇ લીધું અને તે મુખીપણું મઘને આપ્યું.

જે લોકો જીવસેવાને પોતાના જીવનનું ધ્યેય બનાવીને સત્પ્રવૃત્તિમાં કાળ નિર્ગમન કરે છે તેમની આ લોકમાં કે પરલોકમાં દુર્ગતિ થતી નથી, પરંતુ આવી પ્રવૃત્તિઓ તેમના આત્માનું કલ્યાણ સાધે છે. અંતે આ પ્રવૃત્તિઓ તેમને જ લાભદાયી થઇ પડે છે. ટૂંકામાં નિઃસ્વાર્થ સેવા એ પોતાના ઉચ્ચ સ્વાર્થની સાધક બની રહે છે.

## દુઃખની દવા

ઉનાળાની આગ ઝરતી ગરમીથી તપી ગયેલ ધરતી ઉપર પગ મૂકી શકાતો ન હતો. ઈરાનના મહાકવિ શેખ સાદી નમાજ પઢવા મસ્જિદે જઇ રહ્યા હતા. તેમની આર્થિક સ્થિતિ સારી નહિ હોવાથી તેઓ ઉઘાડે પગે જઈ રહ્યા હતા. તેથી મસ્જિદે પહોંચતાં પહોંચતાં તો તેમના પગમાં ફરફોલાં ઊઠી આવ્યાં.

એવામાં એક મુસ્લિમ સુંદર મૂલ્યવાન મોજડી પહેરીને નમાજ પઢવા ત્યાં આવી પહોંચ્યો. આ જોઇ શેખ સાદીનું દિલ બોલી ઊઠયું. "હે ખુદા ! ત્યારે ત્યાં પણ ઘોર અન્યાય છે. એકને મૂલ્યવાન મોજડી અને બીજાને ફાટીતૂટી મોજડી પણ નહિ !"

પણ આ શું ?

એક અપંગ મુસ્લિમ હાથના ટેકા દેતો મસ્જિદ તરફ ઢસડાતો ઢસડાતો આગળ વધવાનાં ફાંફાં મારી રહ્યો હતો. તેને જોઈને શેખ સાદીની આંખો ઉઘડી ગઈ. આ ગરીબ અને અપંગ માણસના દુ:ખની સરખામણીમાં પોતાનું દુઃખ તો સાવ નજીવું હતું. તેઓ પોતાના ગાલ ઉપર તમાચા મારી બોલી ઊઠયા : 'હે પરવરદિગાર, મને માફ કર ! આ બિચારાને પગ પણ નથી અને તેં તો મને પગ આપીને મારા ઉપર રહેમ વરસાવી છે.'

સુંદરજી રૂગનાથ બારાઇ.



For Private And Personal Use Only

# सिंहान्योक्ति ।

શાર્દૂલવિક્રીડિતવૃત્ત

एणः क्रीडति, शूकरश्च खनति, द्वीपी च गर्वायते ।
क्रोष्टा क्रंदति, वल्गते च शशको, वेगाद्रुरुर्धावति ॥
निःशंकः करिपोतकस्तरुलता मुन्मोटने लीलया ।
हंहो! सिंह विना, त्वयाद्य विपिने, कीदृक् दशा वर्तते ॥१॥

સૃષ્ટિનું લક્ષપૂર્વક અવલોકન કરતો કરતો કોઈ કવિજન ચાલ્યો જાય છે. ત્યાં એક વનમાં વિચિત્ર ઘટના જોઈ ત્યાં જરા થભ્યો, અને ખેદાશ્ચર્યપૂર્વક પોતાના મન સાથે કહેવા લાગ્યો કે :—

અહો ! આ વનની આ શી દશા !

આજ આ વનમાં હરણો નિર્ભયપણે દોડાદોડ અને રમતગમત કરી રહ્યા છે, ડુક્કરો પોતાની દાતરડીઓવડે મરજી મુજબ જમીન ખોદી રહ્યા છે, દીપડાનાં નાનાં બચ્ચાંઓ વેગથી ગર્વિષ્ટ શબ્દો ગજાવી રહ્યાં છે, શિયાળીયાઓ સ્વચ્છંદપણે ચીસો પાડી રહ્યાં છે, સસલાઓ એકબીજાને વળગી મોજ માણી રહ્યાં છે, અને રૂરૂ નામનું વનપ્રાણી જોસભેર આ છેડાથી પેલા છેડા સુધી દોડી રહ્યું છે, અને જરા પણ શંકા વિના સ્વેચ્છાનુસાર ઝાડની ડાળીઓને હાથીનાં બચ્ચાંઓ ઉખેડી–તોડી ફેંકી રહ્યાં છે, किमाश्चर्यं !

જરા વારમાં જ મુસાફરને માલૂમ પડયું કે આ વનનો મહાન–પ્રસિદ્ધ પરાક્રમી સિંહ–વનરાજ ચાલ્યો ગયો છે, તેનું અજબ–આશ્ચર્ય પમાડનારૂં આ અવ્યવસ્થિત ચિત્ર છે.

મુસાફરના હૃદ્ ઉદ્‌ગારો એક પછી એક ઊછળવા લાગ્યા, કે આ દશ્ય સંસાર–વ્યવહારમાં–જનસમાજમાં પણ એક સરખું જ લાગુ પડે છે.

"એક મર્દ માણસ", પછી તે દેશપતિ હો, ગામધણી હો, કોઈ સંસ્થા કે ઘટનાનો સંરક્ષક હો, એક શેરી–મહોલ્લા કે ગૃહ (ઘર)નો નિયામક હો, કોઈ આશ્રમ કે અધિકારનો માલેક હો, પણ તેની ગેરહાજરી થતાં જ ઉપરોક્ત વનની જે દશા થઈ, તે જ દશા જરૂર થતી જણાય છે.

આવા દશ્યો આપણે શું નથી જોયાં ? નથી અનુભવ્યાં ? કોઈ પણ કાર્યોમાં એક મહદ્–માલેક કે ઉપરી અધિકારીની ગેરહાજરી કેટલી ભયંકર છે, તેનું આ અન્યોક્તિ અચ્છું ચિત્ર દર્શાવે છે.

—સ્વ. રેવાશંકર વાલજી બધેકા

# ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રંથો

## સંસ્કૃત ગ્રંથો

| | રૂા. પૈ. |
|---|---|
| ૧ વસુદેવ હિણ્ડી-દ્વિતીય અંશ | ૧૦-૦૦ |
| ૨ બૃહત્કલ્પ સૂત્ર ભા. ૬ ઠ્ઠો | ૨૦-૦૦ |
| ૩ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિતમ્ ભા. ૨, પર્વ ૨, ૩, ૪ (મૂળ સંસ્કૃત) પુસ્તકાકારે | ૧૨-૦૦ |
| ૪ ,, ,, પ્રતાકારે | ૧૫-૦૦ |
| ૫ દ્વાદશારં નયચક્રમ્ | ૪૦-૦૦ |
| ૬ સમ્મતિતર્કમહાર્ણવાવતારિકા | ૧૫-૦૦ |
| ૭ તત્ત્વાર્થાધિગમસૂત્રમ્ | ૧૫-૦૦ |
| ૮ પ્રબન્ધપંચશતી | ૧૫-૦૦ |

## અંગ્રેજી ગ્રંથો

1 Anekantavada by H. Bhattacarya 3-00

2 Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth 35-00

卐

## ગુજરાતી ગ્રંથો

| | રૂા. પૈ. |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૧૫-૦૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૦-૦૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા ૨ | ૪-૦૦ |
| ૪ કાવ્ય સુધાકર | ૨-૫૦ |
| ૫ આદર્શ જૈન સ્ત્રીરત્ન ભા. ૨ | ૨-૦૦ |
| ૬ કથારત્ન કોષ ભા. ૧ | ૧૨-૦૦ |
| ૭ કથારત્ન કોષ ભા ૨ | ૧૦-૦૦ |
| ૮ આત્મ વલ્લભ પૂજા સંગ્રહ | ૩-૦૦ |
| ૯ આત્મ કાન્તિ પ્રકાશ | ૧-૫૦ |
| ૧૦ જ્ઞાન પ્રદીપ ભા. (૧ થી ૩ સાથે) પૂ. આ. વિજયકસ્તૂરસૂરિજી | ૧૦-૦૦ |
| ૧૧ સ્યાદ્વાદ મંજરી | ૧૫-૦૦ |
| ૧૨ અનેકાન્તવાદ | ૨-૦૦ |
| ૧૩ નમસ્કાર મહામંત્ર | ૨-૦૦ |
| ૧૪ ચાર સાધન | ૨-૦૦ |
| ૧૫ ભગવાન મહાવીર યુગના ઉપાસકો. | ૨-૦૦ |
| ૧૬ જાણ્યું અને જોયું | ૨-૦૦ |

卐

**નોંધ** :- સંસ્કૃતમાં ૧૦ ટકા અને ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં ૧૫ ટકા કમિશન કાપી આપવામાં આવશે. પોષ્ટ ખર્ચ અલગ. આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

## શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ-શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રીમંડળ વતી
પ્રકાશક અને માલિક : શ્રી જૈન આત્માનંદ સભા
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.